સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કોર્ટમાં ખડું કરી તંત્રને, તેડ્યો છે તંગ,
કાયદાની સત્તા દર્શાવવા, રેડ્યો છે રંગ,
ખેડ્યો છે સંગ સાહસનો, શાસનની સામે -
ન્યાયે સરમુખત્યારી સામે છેડ્યો છે જંગ...
(અરૂણાચલ કોકડું)

'પુરાવા' માટે
નવાઝ છટકે છે
માગે પુરાવા...
(પપેટ વડાપ્રધાન)

નિરર્થક છે
શીંગડાં ભરાવવાં -
થાવ 'રબડી'
(પ્રમુખ - પસંદગી)

હાઈકુ

ચિંતન

दुः साध्यमपि सुसाध्यं करोत्सुपायज्ञः ।

'ઉપાયોનો જાણકાર-નિષ્ણાત-કૌશલ્યી-કોઈ પણ વિકટ કાર્યને પણ સારી રીતે પૂર્ણ કરી સફળ થાય છે.'

માણસ ભણતર સાથે ગણતર જેન તાલીમ-કૌશલ્ય-ટેકનિકલ જ્ઞાન પણ ધરાવતો હોય તો તે વિદ્યાનો સદુપયોગ કરી પોતાની સૂઝ બૂઝથી કોઈ પણ મુશ્કેલીમાંથી માર્ગ કાઢી શકે છે.

ખેતી કરનાર આવા નિષ્ણાત ખેડૂતો પોતાની બુદ્ધિમત્તાથી કેટલાંક ખેતીના નવાં નવાં ઓજાર-સાધન વિકસાવે છે.

વિમાન, સરકતી સીડી, લિફ્ટ, કાર આ બધું જ માનવીએ પોતાની મુશીબતોમાંથી માર્ગ શોધી કાઢવાના ઉપાય જ છે ને?

ટેલીફોન-મોબાઈલ એ માનવીને નિકટ લાવવામાં અને 'અંતર' દૂર કરવામાં કેટલી બધી રાહત કરી આપી છે? યાંત્રિક શોધો - કૌશલ્યો વિકટકાર્ય સુગમ બનાવે છે.

સુવિચાર

- પુષ્પગુચ્છ તો આપણી આસપાસ જ છે, આપણે સરસ છીએ યા નિરસ? એના પર તેની ઉપયોગિતા અવલંબે છે - **ચિત્રલેખા**
- જે મૃત્યુ આપણને વિસર્જન સમું ભાસે છે તેને સર્જન સમું બનાવી શકાય તેમ છે, પ્રશ્ન છે તેને જાણવવાનો તેને સાધવાનો - **સોક્રેટીસ**
- આજે વ્યક્તિ વસ્તુને પ્રેમ કરે છે, અને વ્યક્તિને વાપરે છે... આજે માણસ વ્યક્તિ મટીને જણસ થતો જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વૃક્ષનું માટીથી અલગ થવું એ વૃક્ષ માટે સ્વતંત્રતા નથી - **જનકલ્યાણ**
- પારિવારિકતા તથા તેની સાથે જોડાયેલા ગુણોને અપનાવ્યા વગર આત્માનો, સ્વયંનો કે વિશ્વનો વિકાસ શક્ય જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લીમડાના પાનનો ભૂકો તથા આમળાનું ચૂર્ણ સરખે ભાગે લઈ ઉકાળો બનાવી પીવાથી એસીડીટીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજે ખાયકી-કૌભાંડો કરનારા છે એક ગેરસમજ સાથે, અબજો એકઠા કરે છે. પ્લોટ-બંગલા-એફડી-પછી પાછળી અવસ્થામાં 'નિરાંતે ખાઈસું' એ ગેરસમજમાં જીવનના અમૂલ્ય ૬૦-૭૦ વર્ષ વિતાવી નાખે. આવા જ એક કંજૂસ શેઠની વાત છે. પાછળી અવસ્થાની વાત જોતા હતા ત્યાં જ યમરાજ હાજર થઈ ગયા. કહ્યું, શેઠ, હાલો - તમારો ટાઈમ પૂરો થઈ ગયો!

શેઠ કહે, ... પણ હજી તો હું હાશ કરીને બેઠો જ નથી. ત્યાં તમે તો આવી ગયા! મને એકાદ વર્ષ આરામ માટે તો આપો!

યમરાજ કહે, હવે એક ક્ષણ પણ ન મળે! શેઠ બહુ કરગરવા લાગ્યા. એક ચિઠ્ઠી લખવા જેટલો 'પાંચ મિનિટ' નો સમય માગ્યો... યમરાજને આશ્ચર્ય થયું. કોને ચિઠ્ઠીમાં શું લખવું છે. એ જાણવા પાંચ મિનિટનો સમય આપ્યો.

શેઠે પોતાના સંતાનોને પત્ર લખ્યો. મેં મિલ્કત ભેગી કરવામાં સાઠ વર્ષ બગાડ્યાં તમે પૈસા પાછળ નહીં પણ જિંદગીની દરેક ક્ષણ આત્માનો આનંદ મેળવવામાં જ પસાર કરજો. સાચું જીવન એ જ છે.

યમરાજે સ્મિત સાથે ચાબૂક ફટકારી.

દારૂબંધીને મજાક બનાવી અટકાવીએ

તંત્રીસ્થાનેથી...

એક તરફ જે સમાજ દારૂની બદીના મુદ્દે મેલી મથરાવટી ધરાવે છે એના આદર્શવાદી યુવાનો ગામડે ગામડે ફરી ફરી દારૂના ધંધા સાથે સંકળાયેલા જ્ઞાતિબંધુઓને કોઈ પણ શેહશરમ રાખ્યા વિના પકડાવે છે, એમના અડ્ડાઓ પર 'જનતા રેડ' કરીને સ્થાનિક પોલીસને પણ શરમજનક સ્થિતિમાં મૂકી દે છે, તો બીજી તરફ ગુજરાતની રાજધાનીના સૌથી 'વીઆઈપી' ગણાતા સેકટરમાં એક ઉચ્ચ પદાધિકારીને ફાળવાયેલ મકાનમાં જ દારૂની જથ્થાબંધ હેરાફેરી થતી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. અલબત્ત, ગાંધીનગર પોલીસ આ કામગીરી સફળ રીતે પાર પાડવા બદલ અભિનંદનની અધિકારી ગણાશે. જે મહાનુભાવના નિવાસસ્થાનમાં આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી હોવાનું બહાર આવ્યું છે તે શાસક પક્ષના અગ્રણી છે અને એક સરકારી પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ પણ છે. એ કે એમનો પરિવાર એમને ફાળવાયેલ બંગલામાં રહેતા નહીં હોવાનું પણ જણાવાયું છે, એટલે બંગલાનો ચોકીદાર જ કદાચ એમની જાણબહાર આ ગુનાઈત કૃત્ય કરતો હશે, એમ માની લઈએ તો પણ જેમને નામે સરકારી ભાજપ મકાન ફાળવાયું છે એમની નૈતિક જવાબદારી તો ઠરે જ ઠરે. સરકાર માટે આ નવી શિરોવેદના જ ગણાશે. આગામી દિવસો દરમિયાન વિધાનસભાનું બજેટ સત્ર આરંભાઈ રહ્યું છે ત્યારે અનેક મુદ્દે ઘેરાયેલી રાજય સરકારની મદ્યનિષેધનીતિ મહદંશે નિષ્ફળ જ નીવડી છે. ગુજરાત ગાંધીની ભૂમિ છે એટલા જ કારણસર આખા દેશ કરતાં આ એક મુદ્દે જુદું પડે તે જરા અજુગતું પણ લાગે. પરંતુ ગુજરાતમાં મૂક સેવક રવિશંકર મહારાજથી લઈ પૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ જેના ચુસ્ત ગાંધીવાદી મહાપુરુષોએ આ નશાબંધીની નીતિનો આગ્રહ સેવ્યો એનો ખુલ્લો વિરોધ કરવાની કે પડકારવાની કોઈએ આજ લગી હિંમત બતાવી નથી. કરોડો રૂપિયાની આબકારી જકાતની આવક જતી કરીને જીવરાજ મહેતાથી લઈ આનંદીબેન પટેલની સરકાર સુધીની તમામ નેતાઓ ચૂપચાપ દારૂબંધીની ગાંધીવાદી નીતિનો અમલ કરાવવા યથાશક્તિ પ્રયાસ કરતા રહ્યા છે. ઝીણાભાઈ દરજી જેવા બોલકા નેતાઓ તો દારૂબંધી ઉઠાવી લેવાની હિમાયત સુદ્ધાં કરેલી, પરંતુ ખુદ તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી દઢપણે માનતાં હતા કે ગરીબ સમાજ માટે દારૂબંધીની નીતિ આશીર્વાદરુપ છે. જેને પોસાતું હોય એને પીવા દો, પરંતુ એવા મુઠ્ઠીભર શોખીનો ખાતર મહાત્મા ગાંધી પ્રેરિત દારૂબંધીની નીતિ સાથે સમાધાન કરવું ઉચિત નહીં લેખાય. આજે પણ ગુજરાત દારૂબંધી નીતિમાં અડગ છે તે અભિનંદનીય છે. હજુ અસરકારકતા વધારવી જોઈએ... દારૂબંધી નીતિને મજાક બનતી અટકાવવાનો સમય આવી પહોંચ્યો છે.

સિનિયર સિટીઝન માટે સ્વાસ્થ્ય...

આપણી સંસ્કૃતિ અપ્રતીમ છે. પશ્ચિમી કલ્ચરમાં જયારે ઘરડાઓને ઘરડાઘરમાં મુકી દેવામાં આવે છે ત્યારે આપણે ત્યાં એવું કેહવાય છે કે 'ઘરડા બેઠા હોય એટલે ઘર ભરેલું લાગે...' કદાચ આપણો સમાજ પાશ્ચાત્ય સમાજ કરતા વધારે લાગણીશીલ અને સંવદેનશીલ છે, અને રહેવું જ જોઈએ.

આયુર્વેદમાં ત્રણ પ્રકારની વયાવસ્થા કહેલ છે. બાલ્યાવસ્થા, મધ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા. સોળ વર્ષ સુધી બાલ્યાવસ્થા. સોળ વર્ષથી સાઠ વર્ષ સુધી મધ્યાવસ્થા અને સાઠ વર્ષથી ઉપર વૃદ્ધાવસ્થા (સુશ્રૃત મહર્ષિને સાઠને બદલે સીત્તેર વર્ષ કહ્યા છે) ચરક મહર્ષિએ વૃદ્ધાવસ્થા એકસઠ વર્ષથી સો વર્ષની કહી છે, જયારે આપણા શાસ્ત્રોમાં કલિયુગની વરમર્યાદા એકસોવીસ વર્ષની છે. એટલે સો વર્ષનું આયુષ્ય તો કલ્પેલું જ છે પણ આ સો વર્ષ નિરામય હોય એ જરુરી છે. રોગગ્રસ્ત લાંબુ જીવન અર્થહીન છે.

એકવીસમી સદીમાં વિજ્ઞાને હરણફાળ ભરી છે. પહેલાના જમાનામાં જે રીતે એપીડેમીકને કારણે લોકોના મૃત્યુ થતા તે સરેરાશ ઘટી છે. સામાન્ય માણસ પોતાના સ્વાસ્થ્યને લઈને સજાગ થયો છે. તેમજ હેલ્થ રિલેટેડ સગવડતાઓ પણ વધી છે. આથી સ્વાભાવિક રીતે મનુષ્યનું સરેરાશ આયુષ્ય વધ્યું છે, પણ સ્વભાવતઃ ઉમર વધવાને કારણે થતા શારીરિક-માનસિક રોગો કે જેને આપણે વૃદ્ધાવસ્થાના લક્ષણો પણ કહી શકીએ. એવા કે શરીર પર કરચલીઓ પડવી, આંખ-કાનની શક્તિનો હ્રાસ, વાળ સફેદ થવા, ચરબીનો હ્રાસ થવો, ધમની બરડ થવી, શરીરની શક્તિ ઘટવી, આદિ સામે ટકી રહેવું તેમજ વૃદ્ધાવસ્થાને કારણે જોવા મળતા કોમન રોગો જેવા કે પ્રોસ્ટેટ, બીપી, ડાયાબિટીસ, વા, દમ, પાચનના રોગો, ઊંઘ ન આવવી, માનસિક રોગો,

હૃદયના રોગો આદિ ન થાય, અને જો હોય તો તેની અસર ઘટે તે માટે ઉપાયો કરવા રહ્યા.

હાલ તો વૃદ્ધાવસ્થાના રોગો માટે એક નવી બ્રાંચ ડેવલપ થઈ છે. તેને 'જેરીયાટ્રીક્સ' કહે છે. બે ગ્રીક શબ્દો 'જેરાસ' અને 'ઈટરોસ' માંથી આ શબ્દ બનેલ છે. જેરાસ એટલે વૃદ્ધાવસ્થા. ઈટરોસ એટલે ચિકિત્સા. આયુર્વેદમાં તો આખુંય રસાયણ અને વાજીકરણતંત્ર આપેલ છે. જે કોઈ પણ ઉંમરે વ્યક્તિને અશક્ત રહેવા માટેના ઉપાયો સુચવે છે. તો ચાલો આજે સિનિયર સિટીઝન અજમાવી શકે તેવા કેટલાક સ્વાસ્થ્યવર્ધક ઔષધો પર નજર કરીએ.

આયુર્વેદમાં વર્ણીત રસાયણોમાં હરડે, જેઠી મધ, ત્રિફળા, શતાવરી, ગળો, ગોખરું, બલા, અશ્વગંધા, શિલાજીત, વાવડિંગ, પીપર, સુવર્ણભસ્મ, અભ્રકભસ્મ, મુક્તાપિષ્ટી આદિ ઔષધો તેમજ દૂધ અને દૂધની બનાવટોના ખાદ્ય પદાર્થોને રસાયણોની કેટેગરીમાં મુકેલા છે. આમાથી અનુકૂળ હોય તેવું ઔષધ નિયતમાત્રામાં સેવી શકાય.

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

આ રસાયણ દ્રવ્યોથી બનેલ વિવિધ ઔષધપ્રયોગો જેવા કે રસાયણચૂર્ણ, જીવીતપ્રદા વટી, ચંદ્રપ્રભા વટી, ચ્યવનપ્રાશ, ત્રિફળા, આમલકી રસાયણ, બૃહત વાતચિંતામણઈ આદિ પ્રકૃતિ બલ મુજબ લઈ શકાય.

સ્વાભાવિક રીતે જ સાઠ વર્ષ પછી શરીરની ઈમ્યુનિટી થોડી ઓછી થઈ ગઈ હોય છે એટલે જીવનમાં નિયમિતતા અને આહારવિહારમાં સંયમ ખૂબ જરુરી છે. સવારે વહાલે ઉઠવું, આસન-પ્રાણાયામ-ધ્યાન, ઈશ્વર સ્મરણ, સવારે લટાર મારવા નિકળવું, બપોરે સમયસરનું સાત્વિક અને ઓછી માત્રાનું ભોજન, સારું વાચન, વ્યસનોનો ત્યાગ, અને રાત્રીની સમયસરની પૂરતી ઊંઘ ખૂબ જરુરી છે. ઊંઘ ન આવતી હોય તો ગંઠોડાનું ચૂર્ણ દૂધ સાથે લઈ શકાય. સારું, સંગીત સાંભળી શકાય. અને ખાસ જરુરી વાત, સ્વાસ્થ્ય પ્રત્યે સભાન ચોક્કસથી રહેવું. પણ ચિંતીત ન રહેવું. વારંવાર કારણ વગર ડૉકટરો પાસે ધક્કા ખાવા નહીં. શકય હોય ત્યાં સુધી સરળ-આયુર્વેદીય ઉપચારો કરવા અને આનંદમાં રહેવું...

- drkedarju@gmail.com

પાનખર આવી કે ગઈ...?

આઝાદ ભારતના પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદની આત્મકથાનું નામ રાખવામાં આવેલું, Reses in December આ પુસ્તકના ગુજરાતી અનુવાદનું નામ હતું 'પાનખરનું ગુલાબ' આનો સાદો મતલબ એ થયો કે ડિસેમ્બર મહિનો પાનખરનો મહીનો છે, એ માસમાં મબલખ ગુલાબ ખીલે, અરે ઢગલાબંધ ગુલામ તો અત્યારે પણ ખીલી રહ્યા છે. આવતીકાલે આપણી વસંત પંચમી છે. એના બે દિવસ પછી વેલેન્ટાઈન ડે છે. આજે ૨૫ રૂપિયે કિલોના ભાવે ગુલાબ ભલે વેચાતા હોય પરંતુ ૧૪મી ફેબ્રુઆરીએ તો પ્રેમાંધ દિવાનાઓ પચ્ચીસ રૂપિયાનું એક ગુલાબ ખરીદતા ય નહીં અચકાય. આને વસંતનો જ પ્રભાવ ગણાય ને? આંબે મધમધતા મહોર શોભી રહ્યા છે. વહેલી વસારે, ભલે સામો સાદ સાંભળવા મળે કે ના મળે, એકલદોકલ કોયલનો ટહુકો અચૂક સંભળાઈ જાય છે. હું છવ્વીસમી જાન્યુઆરીએ સુરત જતાં એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતો હતો ત્યારે અડધાપડધા કેસૂડા ખીલેલા પણ જોવા મળ્યા હતા. એટલે શું વરણાગી વસંતનું ગુપચુપ આગમન થઈ ગયું છે?

તો પછી પાનખર જતી રહી? પાનખર ક્યારે આવી અને ક્યારે ગઈ અથવા જશે એની કશી ખબર પડતી નથી. કારણ કે આ નમણા નગરના લીલાં વૃક્ષો હજુ સાવ લીલાં જ છે. કોઈ પાંદડું પીળું થયું નથી, એના ખરવાની પ્રક્રિયા ક્યાંક ભળાતી નથી. લીમડા ચોમાસા પછી એવાને એવા જ છે. કદાચ મહીના પછી એના પાંદડા ખરશે. અમારો પ્રિય આસોપાલવ તો એકદમ અડીખમ છે. સરકારે રોપેરે કાસિન્દ્રા અને ગરમાળાના વૃક્ષો પણ હજુ ઉત્તરમાંથી આવતા વાયરાથી થથરતાં ગાંડા બાવળની સાથે સહીને એમની જેમ જ મુઢ જેવા ઊભા છે. હાં, ઠંડી થોડી થોડી ઓછી થવા માંડી છે. તોય વહેલી સવારે વાતા ઠંડા પવનથી બચવા મોઢે મફલર લપેટવા પડે છે. એક વનરાજાને અને બીજી મોંઘી સાડી છે ચણીળાચોળી પહેલી ગરમે ઘુમતી ઘેલી ગુજરાતણોને આ ઠંડી પકડાવી શકતી નથી.

આપણા ઋતુચક્ર પ્રમાણે મહા અને ફાગણ માસમાં પાનખર આવે. પરંતુ તે સમયે કોયલનો કલશોર, કેસૂડાની રંગછોડ અને હોળીનો ગુલાબ એટલો બધા છવાઈ જાય છે કે કવિભાઈઓને વસંતના વૈભવ સિવાય કશું દેખાતું જ નથી. ચારેબાજુ વસંતના વાયરા, જુવાનીની જોરમતલબી અને ફૂલોના ઉત્સવના ગીતો ગવાવા માંડે છે. આપણા વૃક્ષોએ પણ આપણી જીવવાની રસમો અપનાવી લીધી લાગે છે. એટલે તો થોડોક તડકો પડ્યા પછી સૌથી પહેલાં લીમડા પાંદડાની માયા મૂકે છે. એ પછી આસોપાલવ આખો મહીનો થોડાંક થોડાંક પાન અળગા કરતો રહે છે. આંબા તો કેરીઓ ઝૂમવા લાગે તે દરમિયાન જ નવા વસ્ત્ર ધારણ કરી લે છે. અમારા ઘર સામે ઊભેલી કણજીના બધા જ પાનને અમારે ખરતા જોવા પડે છે. અને બબ્બે દિવસે વાળી વાળીને કેડ દુઃખાવડી પડે છે. તમામ ખર્ચ ખર્યા બાદ તાજી નવી કૂંપળો બેસવાની શરુ થાય છે. થોડે દૂર અમારા મિત્રો ઉછેરેલી કણજી તો અમારી કણજી કરતાં ઘણી ઉતાવળી માલૂમ પડી છે. એ હંમેશા મોટીબેનની જેમ થોડી વેહલી સજીધજીને તૈયાર થઈ જાય છે. આમ સરકારી શાળાના બાળકોની જેમ આ નગરના વૃક્ષો મનફાવે તેમ પાનખર મનાવે છે. આમાં કોઈ કવિ પાનખરનું ગીત કઈ રીતે લખે? Reses in December જેવી પૂર્ણ એવી પોતાની જીવનકહાણી કેવી રીતે આલેખી શકાય? આપણે તો વારે ઘડીયે મનોજ ખંડેરીયાને જ યાદ કરવા પડે.

આ ડાળ ડાળ જાણે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કંઈ નથી પગલાં વસંતના

વસંતને ધારો કે આપણે કામદેવની પ્રેમપ્રસાદી કહીએ અને પાનખરને વૈરાગ અર્થાત્ માયાનો ત્યાગ ગણીએ તો મનુભાઈ ત્રિવેદી જેવા એક બાજુ આધ્યાત્મિક ભજનોની કરતાલ વગાડતા હોય તો બીજી બાજુ (સં)ગીતની શરણાઈ વગાડતા હોય એમણે પછી આવું જ ગાવું પડે.

ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ 'ગાફિલ'

મનના ઉમંગો
રણછોડ પરમાર

અહીં ખેંચે છે મીરાંબાઈ તો ત્યાં મીર ખેંચે છે.

આવી બધી વસંત અને પાનખરની વાતો જયાં વૃક્ષો છે ત્યાં થાય, પણ જયાં નાખી નજર ના પહોંચે ત્યાં સુધી કોઈ ઝાડ તો શું તરણું પણ ન ભળાતું હોય ત્યાં તો આ વાણીપ્રલાય જ કહેવાય ને? ખારાપાટ અને રણવિસ્તારોમાં ઝાડના નામે આછાંપાતળાં ઝાંખરા જ જોવા મળતા હોય ત્યાં હોળી કરવા માટે ના લાકડા મળે ના રમવા માટે રંગ મળે. એમને આપણે વસંતના વૈભવની લાલચ બતાવી ના શકીએ. એમને આપણે પાનખરની બીક બતાવી ના શકીએ.

આમ જુઓ તો પાનખરની બીક જગતના સર્વ સજીવોને લાગે છે પરંતુ કેટલાક વ્યક્તિત્વ એવાં હોય છે કે એમને પાનખરની બીક સહેજે લાગતી નથી.

અમને પાનખરની બીક ના બતાવો,
કે શ્યામ અમે સૂકા કદંબની ડાળખી

આવી પાનખર વીતી ગયા પછી આપણે કોઈ કવિને પૂછીએ કે ભાઈ, આ વરસની પાનખર કેવી ગઈ?

અનિલ જોષી જેવો જણ આવું જ કહેને?

ગઈ

પીળાં પાંદડે ખાઈ લથડિયાં ગઈ પાનખર પાનસોંસરી ગઈ,
મથ્યા રોકવા તોય આખરે ગઈ હવા પણ નાકસોંસરી ગઈ!
રણને દરિયો કરવા ચકલી રોજ સવારે
તળાવમાંથી ટીપું લઈ રણમાં જઈને નાખે,
દરિયો પૂરવા ખિસકોલીજી રોજ સવારે
રણકણ લઈને દરિયે જઈના નાખે;
સૂરજ સામે તીર તાકતા ભીલ સમા
અંધારા સામે ગઈ કાંકરી કાનસોંસરી ગઈ;
પીળા પાંદડે ખાઈ લથડિયાં ગઈ પાનખર પાનસોંસરી ગઈ.

- અનિલ જોષી

જ્ઞાન-કર્મ ને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાય તો જ જીવન તીર્થરૂપ બંને...

"નિશા છો ને ભયંકર હો ઉષા નવા રંગ લાવે છે, પતનનું પગથિયું એક નવું ઉત્થાન લાવે છે.

નિરાશા પર્ણ ખંખેરી નવી આશાઓ પાંગરતી, શિશિરો તો વસંતોની હંમેશા પૂર્વગામી છે!"

મહા-માઘ સુદ પાંચમે વસંત પ્રવૃત્ત થાય છે. પરંતુ ધાંધલ-ધમાલમાં અટવાયેલા આજના ઈન્દ્રિયજડ માણસને વસંતમાં પાંગરેલી પ્રકૃતિની પરાકાષ્ઠા તરફ સહેજ નજરે કરવાની નવરાશ જ ક્યાં છે!! કવિવર કાલિદાસે "સર્વમ પિયે ચરુતરમ વસંતે" - વસંતમાં બધું પ્રિયતર લાગે - એમ કહ્યું છે. વસંતમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠે છે. યૌવન એ માનવ જીવનની વસંત છે તો વસંત એ સૃષ્ટિનું યૌવન છે. ભગવાન શ્રીકૃષ્ણે "ઋતુનાં કુસુમાકરઃ" કહી ઋતુરાજ વસંતને પોતાની વિભૂતિ તરીકે બિરદાવ્યો છે.

આપણા શાસ્ત્રો માઘસુદ પંચમ-વસંતપંચમીએ વિદ્યારંભ કરવાનો દિવસ કહે છે. આ દિવસે સરસ્વતીપૂજન-પાઠ-સ્તવન-સ્તુતિ-જપ કરવામાં આવે છે. જ્ઞાનની દેવી મા શારદાની ઉપાસનાનો આ દિવસ-જ્ઞાનોત્સવના દિવસે મા સરસ્વતીના સ્વરૂપને ઓળખીએ અને તેમની વંદના કરીએ.

યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા
યા શુભ્ર વસ્ત્રાવૃતા
યા વીણા વરદંડમંડિતકરા
યા શ્વેત પદ્માસના
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભુતિભિદેવૈઃ સદા વંદિતા
સા મામ પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ જાડ્યાપહા.

લાગણીનો મેળો
રસિક વાળંદ

મા શારદાના સ્વરૂપવર્ણનમાં જ સાચા સારસ્વતને જોઈતું માર્ગદર્શન મળી રહે છે. સરસ્વતી કુન્દ, ઈન્દુ, તુષાર અને મુક્તાહાર જેવી ધવલ છે. નામસ્મરણ કરતાં જ ચતુર્ભુજ સ્વરૂપ આંખ આગળ ખડું થઈ જાય છે. જમણી બાજુના બે હાથમાં કમળ અને પુસ્તક છે. ડાબી બાજુના બે હાથમાં વીણા અને અક્ષમાળા - રુદ્રમાળા છે. શ્વેત વસ્ત્રધારીને વરદમુદ્રા નિહાળતાં જ સહજપણે ચરણોમાં ઝૂકી જવાય!!!

દોસ્તો, મા શારદાનિ પ્રતિકૃતિના જ્ઞાનબોધને જરા સમજી લઈએ...

કમળ - કોમળતા, મૃદુતા, પવિત્રતા અને શુદ્ધ પરિમલ ધરાવે છે. કમળ પાણીમાં રહે છતાં પાણીથી અલિપ્ત રહે છે. એમ આ સંસારમાં રહી સાંસારિક માયાથી છેટા - કોરા રહેવાનો બોધ આપે છે. વળી આ કમળફૂલની વિશિષ્ટતા એ છે કે તે સાતેસાત રંગોમાં થાય છે. માણસે પણ સપ્તરંગી વૈવિધ્ય જીવનમાં પ્રગટાવવું જોઈએ. ગીતાકારે પ્રબોધેલા "સ્થિતપ્રજ્ઞ" શબ્દને આપણો "જળકમળવત" શબ્દ અર્થાત્ સાક્ષીભાવે જીબી જવું - આ થઈ જ્ઞાનીની અવસ્થા.

મા શારદાએ ધારણ કરેલું પુસ્તક આપણને જ્ઞાનનો બોધ કરાવે છે. પુસ્તક એ જ્ઞાનનું માધ્યમ છે. પુસ્તકો આપણા સાચા મિત્રો છે. કોઈકે તો એવું કહ્યું છે, "પુસ્તક વિનાનું ઘર સ્મશાન છે." આમ પુસ્તકોની મહત્તા વિશે ઘણુંબધું લખી કહી શકાય.... પરંતુ સહજ વિચારીએ તો જુઓ કે, "જો પુસ્તકો જ ન હોય તો શું થાય? આવી કલ્પના કરવી પુરતી છે... જ્ઞાનના પર્યાયરૂપ પુસ્તકને વંદન કરીએ!

મા સરસ્વતીના હાથ વીણાના વરદંડથી શોભે છે. વીણાએ સંગીતનું પ્રતિક છે. સંગીત એટલે

સમ્યકગીત. અરે, સંગીત શબ્દ જ જુઓ ને! પહેલા બે અક્ષર મળી "સંગી" અર્થાત "સાથીદાર" - ને - બીજો - ત્રીજો અક્ષર મળી "ગીત" થાય. વીણાના સાતે સાત સૂરોની સંવાદિતાની જેમ આપણા કાયી પણ સુસંવાદિતા હોય તો જીવનમાં સંગીત પ્રગટે. વીણા હાથમાં લઈ રણઝણાવી પડે તો જ સંગીત નીપજે. એટલે કે પુરુષાર્થ કરાવો ઘટે. આ વીણાને વરદંડ કહ્યો છે. આમ તો દંડ એ સજાનું પ્રતિક ગણાય પરંતુ અહી તો જેની સજામાં સંગીત હોય એવો સારસ્વત સામેનાનું હૃદય

પરિવર્તન કરી શકે છે. આમ માણસને મારનાર દંડ કરતાં માણસને બદલનાર દંડ "વરદંડ" જ ગણાય ને!! એ વાતનું દર્શન મા શારદા આપણને વીણાનો વરદંડ ધરીને કરાવે છે.

હવે ચોથું પ્રતિક અક્ષમાળા - રુદ્રમાળા જે આરોગ્યની સૂચક છે. તન-મનની સ્વસ્થતા ખૂબ જ જરૂરી છે. માળાના જપથી જંપ - શાંતિ મળે - સરસ્વતીનું સાનિધ્ય જ સુખદાયક હોય.....

આમ આ ચારેય પ્રતીકો પુરુષાર્થના ઘોતક છે તો મા સરસ્વતીના ચારેય હાથ - કરકમળ - ચાર યુગના પ્રતિક છે. આપણા પ્રત્યેક દેવી - દેવતાનાં વાહનો પણ ગૂઢ રહસ્યને છતું કરે છે. કૌમાર્યાવસ્થામાં મા શરદનું વાહન સફેદ હંસ છે. સફેદ રંગ શાંતિ અને નિષ્કલંકપણાનો ભાવ પ્રગટાવે છે. કૌમાર્યાવસ્થાનો બોધ છે. નિષ્કલંક રહો, સાવધ રહો. બીજું હંસની લાક્ષણીકતા છે નિરક્ષીરવિવેક - સારા-નરસાનો વિવેક કેળવવાનું જણાવે છે. આપણા ભજનિકો તો "અંતરાત્મા" ને "હંસલો" કહી ઉદ્દેશે છે. અર્થાત મા શારદાની કૃપાથી અજ્ઞાનનું પડળ ઊતરે ને આત્મજ્ઞાન લાધે તો હંસ પણ પરમહંસ - પરમાત્મા બની જાય.

વિવાહિત અવસ્થામાં મા શારદાનું વાહન મયુર - મોર છે. મોરની સ્ફૂર્તિ, ચપળતાને થનગનાટ આપણામાં આવે એ જરૂરી છે. આપણી ભારતભૂમિનું રાષ્ટ્રીય પક્ષી મોર છે. મોર કળા કરે છે. એમાં પણ એક કલા રહેલી છે. કુશળતા પૂર્વકના કર્મને યોગ કહે છે, "યોગઃકર્મસુ કૌશલમ" મોર પીંછાથી રળિયામણો લાગે. ખરી ગયેલાં પીંછાથી મોરની શોભા નષ્ટ થાય છે. એમ સમાજ સારસ્વતોથી શોભે છે, સમાજને રળિયામણો-સત્યમ્-શીવમ-સુન્દરમ બનાવનાર સારસ્વતોની અવહેલના કરવાથી સમાજને નુકસાન છે,માટે વિદ્વતજનોએ દુઃખી કે વ્યથિત થવાની જરૂર નથી. કારણકે ખરેલું મોરપીંછ તો ગોપાલકૃષ્ણના મુગટમાં સ્થાન પામે છે એ ન ભૂલશો...

જ્ઞાન-કર્મ ને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાય તો જ જીવન તીર્થરૂપ બંને...

આજે આપણા આવા સૃષ્ટિનું સંગીત સમજાવતા સમૃદ્ધ તહેવારો વિષે આજની પેઢીમાં ઘોર અજ્ઞાન પ્રવર્તે છે, પાશ્ચાત્ય રંગે રંગાયેલી આજની પેઢી વર્ષભર વિવિધ ઢઢ્ઢઅજ ઉજવવા થનગને છે ત્યારે શાશ્વત જીવનબોધ પ્રબોધનારા આપણા જીવંત તહેવારોના દૃષ્ટિકોણ સમજાવવાની જવાબદારી સંસ્કૃતિ રક્ષકોની છે એ ન ભૂલશો...

ખેર, પ્રકૃતિમાતા થકી જ આપણું જીવન શક્ય છે. વસંતપંચમીનો ઉત્સવ તાજગીસભર ખીલવાનું ને વિધાયક દ્રષ્ટિ કેળવવાનું શીખવે છે. આ જ્ઞાનોત્સવની ઉજવણી ઘરમાં,મંદિરોમાં શાળા-મહાશાળાઓમાં, ગ્રંથાલયોમાં પ્રાર્થના-સ્તવન-ચિંતન-મનન-જપ દ્વારા કરવાનું આયોજન કરીએ. આ દિવસે સૃષ્ટિની શોભા વધારનારા ગ્રંથો, લેખકો, કવિઓ,

અનુસંધાન પાના નં. ૭ પર